**રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળના કર્મચારી/અધિકારીઓને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઇટીનો લાભ આપવા બાબત**

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી,

સચાવલય, ગાંધીનગર.

તારીખ : ૨૪-૧૦-૨૦૧૭

**વંચાણે લીધા :**

૧. નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી, તા. ૧૮-૦૩-૨૦૦૫

૨. ભારત સરકારનો તા. ૨૬-૮-૨૦૧૬નો ઓફિસ મેમોરેન્ડમ No. 7/5/2012-p&PW(F)/B

**પ્રસ્તાવના :**

રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના ઠરાવથી તા. ૧-૪-૨૦૦૫ કે ત્યારબાદ રાજ્ય સરકાર નિયમિત નિમણૂક પામેલ કર્મચારી/અધિકારીઓ માટે નવી વર્ધિત પેન્શન યોજના (NPS) લાગુ પાડવામાં આ છે. The Pension Fund Regulatory and Development Authority (PFRDA, ભારત સરકાર દ્વારા યોજનાની વહીવટી દેખરેખ રાખવામાં આવે છે. ભારત સરકારે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના ઓ મેમોરેન્ડમથી કેન્દ્ર સરકારના NPS હેઠળના કર્મચારીઓને મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેજ્યુઇટી ચૂકવવાનું ઠરાવેલ રાજ્ય સરાકર દ્વારા પણ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ નિયમિત નિમણૂક પામેલ કર્મચારી/અધિકારીને મ સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઇટી ચૂકવવાની બાબત વિચારણામાં હતી.

**ઠરાવ :**

૧. કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવે છે કે તા. ૦૧-૦૪-૨૦૦૫ કે ત્યા રાજ્ય સરકારની સેવામાં નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળ નિયમિત નિમણૂક પામેલ કર્મચા અધિકારીને નીચે મુજબની જોગવાઈઓને આધિન મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઇટીનો લાભ મળવાપાત્ર

(૧) તા. ૦૧-૦૪-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ દરમિયાનના અવસાનના કેસોમાં મૃત્યુ-સહ-નિ ગ્રેજ્યુઇટી (Death cum Retirement Gratuity) વધુમાં વધુ બે પગારની મર્યાદામાં મળ થશે.

(૨) તા. ૦૧-૦૧-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ દરમિયાન નિવૃત્તિના કેસોમાં મૃત્યુ-સહ- ગ્રેજ્યુઇટી (Death cum Retirement Gratuity) કર્મચારીએ નોકરીના પૂરા કરેલ વર્ષના માસિક પગાર લેખે ચૂકવવાની રહેશે. વધુમાં વધુ ૩૩ વર્ષની નિયમિત નોકરી ધ્યાને લઈ ૧૬.૫ પગારની મર્યાદામાં ગ્રેજ્યુઇટી ચૂકવવાની રહેશે.

તા. ૦૧-૦૧-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ દરમિયાન ચાલુ નોકરીમાં અવસાનના કેસમાં ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratuity) નીચે મુજબ મળવાપાત્ર થશે :

| ક્રમ | સેવાઓનો સમયગાળો | ગ્રેજ્યુઈટીનો દર |
|---|---|---|
| ૧. | એક વર્ષથી ઓછી નોકરી | બે પગાર |
| ૨. | એક વર્ષ કે તેથી વધુ પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછી નોકરી | છ પગાર |
| ૩. | પાંચ વર્ષ કે તેથી વધુ પરંતુ વીસ વર્ષ કરતાં ઓછી નોકરી | બાર પગાર |

ઉક્ત સમયગાળા દરમિયાનના કેસમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદા રૂપિયા ૧૦,૦૦,૦૦૦ (રૂપિયા દસ લાખ)ની રેશે.

(૩) તા. ૦૧-૦૧-૨૦૧૬ કે ત્યારબાદ નિવૃત્તિના કેસોમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratutity) કર્મચારીએ પૂરી કરેલ નિયમિત નોકરીના પૂરા કરેલ વર્ષના અડધા માસિક પગાર લેખે ચૂકવવાની રહેશે. વધુમાં વધુ ૩૩ વર્ષની નિયમિત નોકરી ધ્યાને લઈ મહત્તમ ૧૬.૫ પગારની મર્યાદામાં ગ્રેજ્યુઈટી ચૂકવવાની રહેશે.

**તા. ૦૧-૦૧-૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરીમાં અવસાનના કેસમાં ગ્રેજ્યુઈટી (Death cum Retirement Gratutity) નીચે મુજબ મળવાપાત્ર થશે :**

| ક્રમ | સેવાઓનો સમયગાળો | ગ્રેજ્યુઈટીનો દર |
|---|---|---|
| ૧. | એક વર્ષથી ઓછી નોકરી | બે પગાર |
| ૨. | એક વર્ષ કે તેથી વધુ પરંતુ પાંચ વર્ષ કરતાં ઓછી નોકરી | છ પગાર |
| ૩. | પાંચ વર્ષ કે તેથી વધુ પરંતુ ૧૧ વર્ષ કરતાં ઓછી નોકરી | બાર પગાર |
| ૪. | ૧૧ વર્ષકે તેથી વધુ પરંતુ ૨૦ વર્ષ કરતાં ઓછી નોકરી | વીસ પગાર |
| ૫. | વીસ વર્ષ કે તેથી વધુ નોકરી | નિયમિત નોકરીના દરેક પૂર્ણ કરેલ વર્ષ દીઠ એક માસના પગાર લેખે, પરંતુ ૩૩ માસની મર્યાદાને આધીન |

ઉક્ત સમયગાળા દરમિયાનના કેસમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદા રૂપિયા ૨૦,૦૦,૦૦૦ (રૂપિયા વીસ લાખ)ની રહેશે.

૨. ઉક્ત (૧), (૨) અને (૩)ના કેસમાં મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીના સમયગાળાની ગણતરીમાં છ માસ કે તેના કરતાં વધુ હોય તેવા સમયને પૂરા વરષ તરીકે ગણવો. ઉક્ત તમામ કેસોમાં પગારની વ્યાખ્યામાં નિવૃત્તિ/અવસાન સમયે મેળવેલ પગાર તથા મળવાપાત્ર મોંઘવારી ભથ્થાનો સમાવેશ થાય છે.

(૩) આ ઠરાવનો લાભ તા. ૦૧-૦૪-૨૦૦૫ કે ત્યારબાદ નવી વર્ધિત પેન્શન યોજના (NPS) હેઠળના નિયમિત નિમણૂંક પામેલ રાજ્ય સરકારના/પંચાયતના/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થા કે જેના કર્મચારીઓ/અધિકારીઓના કાયમી પેન્શન ખાતા નંબર (PPAN) પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર (નોડલ ઓફિસર) દ્વારા ફાળવવામાં આવેલ છે તેવી સંસ્થાઓના કર્મચારીઓ/અધિકારીઓ તા. ૦૧-૦૪-૨૦૦૫ની અસરથી મળવાપાત્ર થશે. પરંતુ, ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાનાં સમયગાળાના કોઈપણ કેસમાં ગ્રેજ્યુઇટી ઉપર કોઈ વ્યાજ મળવાપાત્ર થશે નહી.

(૪) આ ઠરાવનો લાભ રાજીનામું આપીને સરકારી સેવામાંથી છૂટા થયેલ/થનાર તેમજ શિક્ષાના ભાગરૂપે ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરેલ કે કરવામાં આવે તેવા કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર થશે નહિ.

(૫) નાણાં વિભાગ દ્વારા નવી વર્ધિત પેન્શન યોજના (NPS) સંબંધિત પ્રસિદ્ધ કરવામાં આવેલ અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહે છે. આ ઠરાવમાં સમાવિષ્ટ નિર્ણયના અમલ માટેની વિગતવાર સૂચનાઓ અને અપનાવવાની હિસાબી પદ્ધતિ અંગેની સૂચનાઓ અલગથી પ્રસિદ્ધ કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)

નાયબ સચિવ (પેન્શન અને તિજોરી)